સશિપ / ફેબ્રુ ૦૦ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨]** (રવિવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૦) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. ભગવાનને સર્વકર્તાહર્તા સમજવાની આવશ્યકતા.
૨. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ.
૩. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય.
૪. પ્રગટને ઓળખ્યા વગર કસર.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. નરકનાં કુંડ ખાલી કર્યાં.
૨. ‘બે વાઘ વચ્ચે બકરી.’
૩. કડકડતી ઠંડીમાં પણ મહારાજે નહાવા માટે ઠંડું પાણી માગ્યું.
૪. ‘છોકરા, ભગવાનને તોળ મા.’

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજ સર્વોપરી - શ્રીમુખનાં વચનોના આધારે.
૨. ધામમાં અને પૃથ્વી પર બંને ઠેકાણે ભગવાન સાકાર - સદાસાકાર.
૩. ગુણાતીત સંતનાં લક્ષણ.
૪. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે. - સ્વામીની વાતોના આધારે.

**પ્ર.૪. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ગોપાળાનંદ સ્વામીએ શિવલાલ શેઠને જૂનાગઢ જવા કહ્યું.
૨. ભગવાનમાં દિવ્યભાવ સમજવો આવશ્યક છે.





૩. ગુણાતીત સંતનું ધ્યાન ધરવામાં કોઈ શાસ્ત્રોક્ત નિષેધ નથી.
૪. આપણે વિભીષણ જેવા ભક્ત થવું.

**પ્ર.૫.** ઉપાસનામાં શું ન સમજવું ? ૮

**પ્ર.૬.** ‘પૂજાની મૂર્તિઓ તેમજ દીક્ષા આચાર્ય જ આપી શકે.’ આ વિધાનની યથાર્થતા સમજાવો. ૫

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. શ્રીજીમહારાજની સાકાર સ્વરૂપમાં રુચિ.
૨. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન.
૩. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા.

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘હજુ તો તેં જુવાની જોઈ નથી પછી ખબર પડશે.’’
૨. ‘‘તમારા ઈષ્ટદેવ વળી કોણ?’’
૩. ‘‘હિન્દુસ્તાની ખરા ને! ’’
૪. ‘‘આ ઓગઠને શું કરો છો?’’

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ગોપાળાનંદ સ્વામીએ ઉદાસ થઈ ધામમાં જવાનો સંકલ્પ કર્યો.
૨. નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા ન પાળી છતાં મહારાજ રાજી થયા.
૩. મહારાજે મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા.
૪. પ્રમુખ સ્વામીના શરીર પરના ડાઘ દૂર થઈ ગયા.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. શિવલાલની નમ્રતા.
૨. આજ્ઞાપાલક લાલજી ભક્ત.
૩. મુક્તાનંદ સ્વામીનો માતૃપ્રેમ.
૪. પ્રમુખસ્વામી મહારાજનો સમર્પણભાવ.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. બાળ શિવલાલને માથે હાથ મૂકી મહારાજ શું બોલ્યા ?

૨. નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજનું અવતારીપણું અને પુરુષોત્તમપણું સમજાવતો કયો ગ્રંથ લખ્યો ?

૩. ખુશાલ ભક્તે કોની પાસે વર્તમાન લીધા ?

૪. પર્વતભાઈ મહારાજની આજ્ઞાથી શું થવા તૈયાર થયા ?

૫. મહારાજે રઘુવીરજી મહારાજની ક્યાં રક્ષા કરી?

૬. પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મોત્સવ ક્યાં ઉજવાયો ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો.**

**(બારેક લીટીમાં)** ૪

૧. રઘુવીરજી મહારાજ તીર્થવાસી થયા.

૨. કાગળ વાંચી પર્વતભાઈ ગઢડે ગયા.

૩. મુક્તાનંદ સ્વામીએ પતિવ્રતાની ટેકનાં પદો રચ્યાં.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. આત્માના ઘડવૈયા : પ્રમુખસ્વામી મહારાજ.

૨. નૈરોબી મંદિર - આફ્રિકા ખંડનું નજરાણું.

૩. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સમૈયાનું ગૌરવ.

✿ ✿ ✿